ગાંધીનગર સમાચાર
તા. ૨૧-૪-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### કોંગ્રેસ : ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ

દિલ્હીના ઐતિહાસિક રામલીલામાં મોદી સરકારના જમીન સંપાદન બિલ સામે મોરચો માંડવાના શ્રીગણેશ કરનાર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ લોકસભામાં ભલે ફક્ત ૪૪ સભ્યો ધરાવતી હોય અને દિલ્હી તેમજ આસપાસનાં હરિયાણા, પંજાબ કે ઉત્તરપ્રદેશ અને રાજસ્થાન જેવાં રાજયોમાં એનું નામ લખાયું ગયેલું દેખાતું હોય, પણ એ ભાંગ્યું ભાંગ્યું તોય ભરુચ છે, એની પ્રતીતિ થઇ ગઇ. રામલીલા મેદાનમાં ભેગા થયેલા ખેડૂતો એ જ રાજયોમાંથી દોડી આવ્યા હતા અને બે મહિનાના અજ્ઞાત વાસમાંથી બહાર આવેલાં કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના યુવાન ખભા એમનાં હળ લાકડાંનો ભાર ખમી શકશે એવી અપેક્ષા સાથે આગામી દિવસોમાં મોદી સરકાર સામે જુદ્ધે ચડવા એમને પ્રોત્સાહિત કરવા કૃતસંકલ્પ હતા. આખરે આ દેશ ખેડૂતોનો છે. ગમે તેટલી મોટી ઔદ્યોગિક પ્રગતિ પછી પણ દેશની પચાસ ટકાથી વધારે પ્રજા ખેતી પર આધારિત રહેવાની છે, એ હકીકત નજર અંદાજ કરનારા ભીંત ભૂલે છે. કમનસીબે આ કૃષિપ્રધાન દેશને આઝાદીના સાત દાયકા દરમિયાન સમ ખાવા પૂરતા બે જ ખેડૂત વડાપ્રધાનો સાંપડ્યા છે, અને એ પણ વજૂદ વગરનાં. ચૌધરી ચરણસિંહે સંસદનો સામનો કર્યા પહેલાં જ રાજીનામું આપી દીધું હતું અને એચ.ડી. દેવગોવડા ભાંગ્યું તૂટ્યું હિન્દી બોલતા થાય એ પહેલાં એમનો કાર્યકાળ સમાપ્ત થઇ ગયો હતો. કોંગ્રેસ પાસે સરદાર પટેલ જેવો ખમતીધર ખેડૂત નેતા હતો, પરંતુ ગાંધીજીએ એમની તબિયત અને નવા સવા આઝાદ થયેલા દેશની સામેના આંતરરાષ્ટ્રીય પડકારો જોતાં એમને વડાપ્રધાનપદથી વેગળા રહેવા સમજાવી દીધા હતા. રાષ્ટ્રપિતાની આ ઐતિહાસિક ભૂલને કારણે ખેતીપ્રધાન દેશને પહેલો ખેડૂત વડાપ્રધાન સાંપડી નહોતો શક્યો. પછી તો નહેરુ-ગાંધી પરિવારની પકડ એટલી મજબૂત બનતી ગઇ કે કોંગ્રેસના શાસનમાં એ પરિવારનું નેતૃત્વ લગભગ અનિવાર્ય જ ગણાતું રહ્યું છે. રાજીવ ગાંધીના અકાળ અવસાન પછી સોનિયા ગાંધી વિદેશી મૂળનાં મહિલા હોવા છતાં આ પરિવારનાં સદસ્ય હોવાને નાતે કોંગ્રેસનાં સર્વમાન્ય નેતા બની રહ્યાં છે. રાહુલ ગાંધી શુદ્ધ દાનત ધરાવતાં નવયુવાન નેતા તરીકે ઊપસવા મથતા રહ્યા છે પરંતુ પ્રજામાં એમની છાપ મહદંશે પલાયનવાદી અને જવાબદારી સ્વીકારવાથી દૂર રહેવા માગતા નેતાની જ રહ્યા કરી છે. રામલીલા મેદાનની ખેડૂત રેલી રાહુલને કોંગ્રેસના સર્વમાન્ય નેતા તરીકે પુનઃસ્થાપિત કરવાનું નિમિત્ત બની શકે એમ છે. અલબત્ત, સોનિયા ગાંધીમાં જે દ્રઢ સંકલ્પ શક્તિ છે તેનો રાહુલમાં અભાવ વરતાતો હોવા છતાં કોંગ્રેસ પાસે કે મોદી સરકાર પાસે જમીન અધિગ્રહણ મુદ્દે મેદાને પડવા માગતા ખેડૂતો પાસે બીજો કોઇ રાષ્ટ્રીય ચહેરો નથી. કોંગ્રેસ માટે આ ખેડૂત રેલી દંતકથાની નોળવેલ સાબિત થઇ શકે એમ છે.

# આજે પૃથ્વી દિવસ : નગરમાં સાયકલ રેલી યોજાશે

## સાયકલ રેલીનો સવારે ૭ વાગે ચ-૦થી પ્રારંભ કરાશે : ચ-૫, ઘ-૫ થી ઘ-૦ થઈને ચ-૦ પરત ફરશે : મેયર અને ગુડાના ચેરમેન સાયકલ રેલીમાં જોડાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરની જી-૩ સાયકલ કલબ દ્વારા આજે વિશ્વ પૃથ્વી દિવસ નિમિત્તે 'સાયકલ રેલી'નું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલીનો સવારે ૭ વાગે ચ-૦થી પ્રારંભ થશે જે ચ રોડ પર ચ-૫ સુધી અને ત્યાંથી ઘ-૫ થઈને વાયા ઘ-૦ થી ચ-૦ પરત ફરશે. આ રેલીમાં ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા અને ગુડાના ચેરમેન આશિષ દવે સહિત અનેક અગ્રણીઓ જોડાશે.

વિશ્વ પૃથ્વી દિવસે શહેરને પ્રદુષણ મુકત રાખવા શકય હોય તેટલો મોટર વ્હીકલ્સનો ઉપયોગ ઘટાડવાના અને વૈકલ્પિક સાધન તરીકે સ્વાસ્થપ્રદ સાયકલનો ઉપયોગ વધુ કરવાના સંદેશ સાથે જી-૩ કલબ દ્વારા આ સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયકલ રેલીમાં નગરના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં યુવાનો-યુવતિઓ જોડાશે. આ રેલીમાં જોડાવા જી-૩ સાયકલ કલબના ભૂમ જોગાણી, પ્રિતિ સોનવણે અને પિંકી ઝા દ્વારા તમામ નગરજનોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## હરિની દ્રષ્ટિ...




તમારા કારણે જ... મારાથી ટ્રાફીક તોડાઈ જાય છે.. પીને ચલાવુ તો... જ મને બધુ વંચાય અને દેખાય...!!

# વ્યાયામ શિક્ષકોએ વિવિધ પ્રશ્નો અંગે શિક્ષણમંત્રીને આવેદન પાઠવ્યુ

## ટાઉનહોલ ખાતે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે ચિંતા અને ચિંતન પર શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા વ્યાયામ શિક્ષકોને ધોરણ-૬ થી ૮ માં વિકલ્પથી સમાવવા માટે અને એચ. ટાટની પરીક્ષા આપવા માટે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાને રજૂઆત કરી આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા વ્યાયામ શિક્ષકોના પ્રશ્નોને વાચા આપવા માટે ટાઉનહોલ ગાંધીનગર ખાતે શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં મહાસંઘ દ્વારા વિવિધ પ્રશ્નોની રજુઆત કરવામાં આવી હતી. જેમાં ધોરણ-૬ થી ૮ માં યોગ શિક્ષણ દાખલ કરી શાળામાં ફરજ બજાવતા શારીરિક શિક્ષણના તાલીમ સ્નાતકો શિક્ષકોને ઉચ્ચ શાળામાં વિકલ્પ તરીકે સ્વિકારવામાં આવે.

પ્રાથમિક શાળામાં આચાર્યની નિમણૂંક માટે સી.પી.એડ. ડી.પી.એડ. અને સ્નાતક કક્ષાના પ્રાથમિક શાળાના શિક્ષકોને એચ.ટાટની પરીક્ષા માટે યોગ્ય ગણવામાં આવે. ધોરણ-૬ થી ૮ માં યોગ અને શારીરિક શિક્ષણનો વિષય દાખલ કરી વિષય શિક્ષકનો દરજ્જો આપવા માંગણી કરી છે.

શારીરિક શિક્ષણના શિક્ષકોની કામગીરી અંગે આર.ટી.ઈ. એક્ટ ૨૦૦૯ની કલમમાં ફેરફાર કરવા માટે માંગણી કરી છે. ટાઉનહોલમાં ઉપસ્થિત શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, નાનુભાઈ વાનાણીને આવેદનપત્ર આવામાં આવ્યું હતું.

# સેક્ટર-૨૨ ખાતે આજે વિના મૂલ્યે ગર્ભાશયના મુખની તપાસનો કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરની મહિલાઓ માટે ભાજપ કાર્યકર સેલ, મહિલા મોરચા, કિસાન મોરચા દ્વારા વિના મૂલ્યે પેપ ટેસ્ટનો નિદાન કેમ્પ યોજવામાં આવશે.

ડૉ. પ્રદિપ ભાવસારની હોસ્પિટલ સે-૨૨ પંચદેવ મંદિર સામે ગર્ભાશયના મુખની તપાસ કેમ્પ આજ રોજ મંગળવાર સવારે ૧૦ થી ૬ કલાક દરમિયાન યોજાશે. પેપ ટેસ્ટમાં ૪૦ વર્ષથી ઉપરની મહિલાઓ, સમાગમ પછી લોહીના ડાઘા પડવા, અનિયમિત વધુ પડતુ માસિક, માસિક બંધ થયા પછી લોહીના ડાઘા પડવા, યોનીમાંથી વધુ પડતું પાણી પડતું હોય તેમજ લાંબા સમયથી ગર્ભાશયમાં પડેલી ચાંદી રૂઝાતી ન હોય તેવી મહિલાઓને કેમ્પનો લાભ લેવા જણાવાયું છે. ગાંધીનગરની મહિલાઓને મોટી સંખ્યામાં પેપ ટેસ્ટનો લાભ લેવા જણાવાયું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

સિનિયર સીટીઝન કાઉન્સિલ દ્વારા મા-બાપને ભુલશો નહીનો ૬૦મો નાટ્ય પ્રયોગ રજુ થયો હતો. આંબેડકરભવન સે. ૧૨ ખાતે નાટ્ય પ્રયોગની વિશેષતા એ હતી કે ગાંધીનગરના સીનીયર કલાકાર હસમુખ મેકવાન જેઓ પણ આ નાટકમાં અભિનય આપી રહ્યા છે. તેમનો ૬૦મો જન્મદિન યોગાનુયોગ ઉજવવામાં આવ્યો. સંસ્થા તરફથી સન્માન કરવામાં આવ્યું હતું. હસમુખ મેકવાનના નાટ્યકલાના અમુક અંશો પણ બતાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે નગરના આ કલાકારે ટીવી સીરીયલો, ફિલ્મો, દસ્તાવેજી ફિલ્મો, જાહેરખબરમાં પોતાનો ઉત્કૃષ્ટ અભિનય આપ્યો છે.

# ડૉ. પ્રશાંત મેરજાની ૭મી પૂણ્યતિથિએ ૩૧૫ દર્દીઓને ફ્રી દવા સાથે સારવાર અપાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના પનોતા પુત્ર ડૉ. પ્રશાંત મેરજાના સાત વર્ષ પહેલા માર્ગ અકસ્માતે ભર યુવાનીમાં થયેલ નિધન અન્વયે સ્મૃતિમાં પ્રતિવર્ષ, યુવા પ્રતિભા શોધ, શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ બદલ એવોર્ડ, ખેલકૂદ પ્રોત્સાહિત કરવા જુદી જુદી રમતોમાં શિલ્ડ, યુવાનો માટે કારકિર્દી સેમીનાર, વિખ્યાત વક્તાઓના વ્યાખ્યાન,જુદા જુદા સ્થળોએ રક્તદાન કેમ્પ, ગરીબ દર્દીઓ માટે નિદાન-સારવાર અને ફ્રી દવા સહિત દર્દીઓની ફોલોઅપ સારવાર જેવી આરોગ્ય વિષયક પ્રવૃત્તિઓ થતી રહે છે.

ડૉ. પ્રશાંત મેરજા ફાઉન્ડેશન દ્વારા મોરબી ખાતે તેમની ૭મી પૂણ્યતિથિએ ચામડીના રોગો, ફેફસાના રોગો, હાડકાના દર્દીઓ, સ્ત્રીરોગ, દાંત, નાક, ગળા તેમજ બાળરોગ વિગેરેના ગરીબ દર્દીઓ માટે નિષ્ણાંત ડૉક્ટરોની એક ટીમ દ્વારા દર્દી સેવા કેમ્પનું સફળ આયોજન કરવામાં આવેલું. જેમાં ૩૧૫ જેટલા ગરીબ દર્દીઓને ચિકિત્સા અને મફત દવા ઉપલબ્ધ કરવામાં આવીહતી.

આ મેડીકલ કેમ્પને રામધન આશ્રમના મહંત ભાવેશ્વરીબેને ખુલ્લો મુક્યો હતો. તે પ્રસંગે રાજકીય, સામાજીક અને ઔદ્યોગિક ક્ષેત્રના અગ્રણીઓ છનગભાઈ પટેલ, બચુભાઈ ગામી, શ્રીમતી મંજુલાબેન દેત્રોજા, ધીરૂભાઈ ભીમાણી, દિપકભાઈ દોશી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય રહેશે કે ડૉ. પ્રશાંત જ્યાં તબીબી અભ્યાસ કરતો હતો તે ઉદયપુર ખાતે તેમના તબીબી મિત્રો દ્વારા પ્રતિવર્ષ રક્તદાન કેમ્પ યોજાતા રહે છે તેના ભાગરૂપે આ વર્ષે પણ મેગા રક્તદાન કેમ્પ થકી માનવ સેવાનું સરાહનીક કાર્ય ડૉ. પ્રશાંત ફેન ક્લબ દ્વારા કરવામાં આવેલું હતું.

આમ ડૉ. પ્રશાંતની સ્મૃતિને કાયમ જીવંત રાખવા માટે મેરજા પરિવાર ડૉ. પ્રશાંત ફાઉન્ડેશન મારફત અનેક માનવકલ્યાણની પ્રવૃત્તિઓ કરીને સમાજને રાહ ચિંધતો આવ્યો છે. આ દર્દી નિદાન કેમ્પમાં મોરબીના નામાંકિત ડૉ. ભાવિન ગામી, ડૉ. વિનોદ કૈલા, ડૉ. જયેશ શનારીયા, ડૉ. કૃષ્ણ ચગ, ડૉ. અમીત ગામી, ડૉ. મનોજ કૈલા અને ડૉ. જયેશ બોરસાણીયા સહીત અગ્રેસર તબીબી ટીમે સેવા આપી હતી.

**રક્તદાન મહાદાન**

# સે-૨૯ જલારામ મંદિરે જલારામ બાપાની પાવન કથા યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

સેક્ટર-૨૯ જલારામધામ ખાતે જલારામબાપાની પાવન કથા મહોત્સવ યોજાશે. આગામી ૨૮ એપ્રિલથી ૪ મે દરમિયાન યોજાશે.

શહેરના સેક્ટર-૨૯ સ્થિત જલારામ મંદિર ખાતે જલારામ બાપાની પાવન કથા કથાકાર સતિષભાઈ ભટ્ટની વ્યાસપીઠે યોજાશે. કથા ૨૮ એપ્રિલથી ૪થી મે દરમિયાન યોજવામાં આવશે. કથામાં જલારામ બાપાનો જન્મોત્સવ અને લગ્નોત્સવ ધામધૂમથી મનાવવામાં આવશે. તા. ૩જી મે ના રોજ જલારામ દર્શન બુકનું વિમોચન કરાશે. કથામાં મધુરવાણીથી સંગીત સાથે પૂ. જલારામ બાપાની પાવન ચરિત્ર્યનું રસપાન કરાવાશે. જેનો લાભ લેવા નગરજનોને આમંત્રણ પાઠવ્યું છે.

# ઉત્તરવહી ચકાસવા શિક્ષક ન મોકલનાર સામે પગલા

## શિક્ષકો ન મોકલનાર શાળાઓની માન્યતા રદ કરવા અને પરિણામ અટકાવવા સુધીના પગલા લેવાની જાહેરાત થઈ

અમદાવાદ, તા.૨૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ પૂરી થયા બાદ ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેના માટે શિક્ષણ બોર્ડ અને જે તે જિલ્લાના શિક્ષણાધિકારીઓ દ્વારા શિક્ષકોને કરવામાં આવેલા આદેશમાં ભંગ કરવામાં આવતા શિક્ષણ બોર્ડ લાલઆંખ કરી છે. તેમજ આગામી દિવસોમાં ઉત્તરવહી ચકાસવામાં શિક્ષકો ન મોકલનારા શાળાઓની માન્યતા રદ અને પરિણામ અટકાવવા સુધીના પગલા લેવાની જાહેરાત કરવામાં આવી છે. પ્રાપ્ત થતી માહીતી મુજબ રાજ્યની મોટાભાગની ખાનગી શાળાઓ જિલ્લાના શિક્ષણધિકારીઓના આદેશને ન ગણકારતી હોવાની ફરિયાદો છાશવારે સાંભળવા મળી રહી છે. ખાનગી શાળાઓની મનમાનીથી નારાજ થયેલા શિક્ષણ બોર્ડ તાજેતરમાં એક જાહેર સૂચના આપી મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રમાં ઉત્તરવહી ચકાસણીમાં શિક્ષકોને ન મોકલવાની શાળાઓ સામે આકરી કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે. જો કે અગાઉ પણ અધિકારી દ્વારા મુદ્દે નોટીસ ફટકારવામાં આવી હતી. પરંતુ પગલાંના અભાવે શાળા સંચાલકો પોતાની મનમાની કરે છે. આ અંગે શિક્ષણ બોર્ડના એક્ઝામ સેક્રેટરી વી.જે.વાળંદે જણાવ્યું હતું કે, ખાનગી અંગ્રેજી માધ્યમની મોટાભાગની શાળાઓ દ્વારા ઉત્તરવહી મૂલ્યાંકનમાં શિક્ષકો મોકલવામાં આવ્યા નથી. ૪૮ શાળાઓમાંથી માત્ર ૧૫ શાળાના શિક્ષકો ઉત્તરવહી મૂલ્યાંકનમાં આવ્યા હતા. જ્યારે અન્ય શાળાઓએ શિક્ષકો છૂટ્ટા થઈ ગયાનો ઉડાઉ જવાબ આપી દીધો હતો. આવી ખાનગી શાળાઓની મનમાની ચલાવી લેવામાં નહીં આવે. આવી શાળાઓને નોટિસ આપવામાં આવી છે અને તેનો જવાબ યોગ્ય લાગે તો પરીક્ષા સચિવને શાળા સામે પગલાં લેવા રિપોર્ટ કરાશે.

# જગત આપણને જે કંઇ તડકા-છાયા આપે આપણે સાંજ પડે આપણી જાતને ઢંઢોળીને પૂછીએ કે તે કોઇને આનંદ અને શાતા આપ્યાં છે કે નહિ?

**વિચારસભા**
**જીવનના તડકા-છાંયા**
*- નેહલ જયદીપ ગઢવી*

જે પ્રમાણે આપણું આ જીવન ગતિમાન છે તે જ અનુસાર ઋતુચક્રમાં પણ સમયની ગતિ મુજબ ફેરફારો આવતા રહે છે. નવેમ્બર-ડિસેમ્બરની ઠંડીની મોસમ માર્ચ મહિનાની શરુઆત થતાં જ કયાં ગાયબ થઇ જાય છે તેની જાણ આપણે જયારે ઠેર-ઠેર પાણીની પરબો જોઇએ ત્યારે જ થાય છે ! જો કે આ વખતે ઉનાળાની શરુઆત કંઇક અલગ જ રીતે થઇ! આપણે મનુષ્યો જયારે આપણી જાતને સર્વેસર્વા માની બેસીએ અને કુદરતના નિયમોનું સતત ઉલ્લંઘન કર્યા કરીએ ત્યારે કુદરત આ પ્રમાણે એકાદ ઝલક પોતાની સર્વોપરી સત્તાની આપણને દર્શાવી જાય છે ! અને ત્યારે આપણે સૌ આશ્ચર્યચક્તિ બનીને વાતાવરણના આ ફેરફારને જોયા કરીએ છીએ. સવાર-સવારમાં શિતળ પવન મંદ-મંદ લહેરાતો આપણને શિયાળાની ઠંડકની યાદ અપાવતો હોય તો વળી બપોરે કાળઝાળ ગરમી અને અસહ્ય ઉકળાટ વાતાવરણને અચાનક જ પટલાવી નાખતો હોય તેમ જણાયું અને સાંજે ૪-૫ વાગતા સુધીમાં તો ફરી એક ફેરફાર સાથે વાદળછાયું વાતાવરણ અને વીજળીના કડાકા! પળવારમાં જ જોરદાર વરસાદ અને બરફના કરા પડવાની ઘટના! આપણે સૌ વિચારતા થઇ જઇએ કે વાતાવરણમાં પણ માણસોની જેમ ઝડપથી ફેરફાર આવી રહ્યા છે ! આપણે જુદા-જુદા સંબંધોમાં જુદા-જુદા સ્વરુપે બદલાતા માનવ-સ્વભાવ અનુભવ્યો છે અને કુદરતના આ ફેરફારને આપણે આપણા બદલાતા મૂડ સાથે ચોક્કસ સરખાવી શકીએ! માનવ સ્વભાવના આ કટાક્ષને કવિતામાં કંઇક આ રીતે કુલદીપ કારિયા વર્ણવે છે :

"ચશ્માંને એક વાતનો અફસોસ માય નૈ,
ખૂશ્બુ બિલોરી કાચની કેન્દ્રિત થાય નૈ.
લીલાશ ઊગે કેમ મને એ જ પ્રશ્ન છે,
પ્રાણી, પ્રકાશ છે જ નૈ, ટીપું હવાય નૈ.
ટેબલ બનેલા વૃક્ષ પર બેઠી છે પાનખર,
કેવો સ્વભાવ છે કે મરે તોય જાય નૈ."

જો કે, હવે ઉનાળાની શરુઆત બરાબર થઇ ગઇ છે! અસહ્ય ગરમી નાના-મોટા, પશુ-પક્ષીઓને અકળાવી મૂકે તે રીતે વર્તાઇ રહી છે! બપોરના સમયે તો સૂરજ ચરમસીમાએ પહોંચ્યો હોય અને આગ વરસતી હોય ત્યારે રસ્તાઓ પણ સૂમસામ બની જાય છે. બપોરના સમયે અકારણ કે જરુર વગર જલ્દી કોઇ ઘરેથી નીકળવા તૈયાર થતું નથી! સૌ કોઇ ગરમીથી થાકેલા અને કંટાળી ગયેલા દેખાય છે. પણ ખરું પૂછો તો આ જીવનરુપી તાપ તો આનાથી પણ વિશેષ કષ્ટદાયક હોય છે ! જીવનમાં જયારે ઉતાર-ચડાવ આવે કે તકલીફો આવે ત્યારે માણસ અકળાઇ જાય, કંટાળી જાય, દુઃખી બની જાય અને કયારેક હતાશ કે નિરાશ પણ બની જાય ! આવા સમયે તેને સંબંધોના રણમાં વાવેલા વૃક્ષ સમાન કોઇ એકાદ સંબંધ - વૃક્ષની છાયા મળે તો તે તેના સફરનો ભાર થોડી ક્ષણો માટે પણ હલકો કરી જાય છે, તડકામાં ભર બપોરે ચાલનારાની પીડા એ જ સમયે આરામથી વાતાનુકૂલિત ઠંડકવાળા એટલે કે એ.સી. રુમમાં બેઠેલા વ્યક્તિને ન જ સમજાય એ સ્વાભાવિક છે પણ કુદરતની અકળ ગતિનો પાર કોઇ પામી શક્યું નથી. એ કયારે કોને કેવી પરિસ્થિતિમાં લાવી દેશે તેનો મનુષ્યને અણસાર માત્ર કે અહેસાસ પણ હોતો નથી અને અચાનક જયારે આ પ્રકારની પરિસ્થિતિ આવી પડે તો મનુષ્ય એ જાણવું કે દુઃખો અકારણ આવતાં નથી. તત્ત્વચિંતક શ્રી મનુભાઇ પંચોળી લખે છે, તેમ, 'અન્યાયકારી લાગતાં દુઃખો પણ આ અણસમજભર્યા સંસારનો એક ભાગ છે. સંસાર સુર-અસુરના સંગ્રામ જેવો છે. માત્ર તેની નિગૂઢતા, શોકમય રમણીયતા એમાં છે કે ત્યાં સુરમાં કોઇવાર અસુર અને અસુરમાં કાંઇક સુર મળી આવે છે. આ છાયા-પ્રકાશના વણાટમાં આંસુ અને હર્ષભીના સંસારની છબી ઊપસી આવે છે.'

જીવનરુપી સંસાર જયારે સંતાપનો તાપ અનુભવે ત્યારે આપણે સાચા મનથી ઇશ્વરને યાદ કરીએ છીએ. આવા સમયે પ્રાર્થનાને બદલે આપણા મનમાંથી એક આર્તનાદ ઉદ્ભવે છે. ઘણીવાર ઇશ્વર પ્રત્યે શંકા પણ જન્મે છે કે ખરેખર ભગવાન છે ખરાં? આ અનંત બ્રહ્માંડમાં થતી અનેક ઘટનાઓ પાછળ ખરેખર શું તેમની સર્વોપરી સત્તા કામ કરતી હશે? આપણને લાગે છે કે દુનિયામાં આ જે અત્યંત ભયંકર, અત્યંત કુરૂપ છે, હિંસા અને ક્રૂરતા, અનીતિ અને ભ્રષ્ટાચાર, સ્વાર્થ અને શોષણ છે તો ઇશ્વરની આ સુંદર સૃષ્ટિમાં આ ઘાતક શસ્ત્રો અને કહોવાઇ ગયેલા વાતાવરણમાં માનવીના કોમળ જીવનનું કાંઇ જ મૂલ્ય નહિ! જો ભગવાન છે તો આટલી અરાજકતા શાને? અભદ્રતા કેમ? આપણો આત્મા પોકારી ઊઠે કે આવા નિષ્ઠુર પ્રભુ કઇ રીતે બની જતા હશે! ત્યારે આપણો આત્મા જ આપણી આ શંકાનું સમાધાન કરે છે કે આપણી લાલસા અને મિથ્યાભિમાન, મત, આગ્રહ અને વિચારો, આપણો અહમ્, મહત્ત્વાકાંક્ષા, મૂર્ખતા અને આત્મકેન્દ્રી વલણ આ બધાને કારણે આપણે દુનિયામાં અન્યની પરવા કર્યા વિના આપણો જ લાભ શોધ્યો છે. સમાજમાં અન્ય લોકો જયારે ભૂખે મરતા હોય ત્યારે આપણે મીઠાઇ જમ્યા છીએ. આપણા જ ભાઇ-બહેનો કે મિત્રો અને સંબંધીઓના હૃદય છાની આગમાં શેકાતાં હોય ત્યારે આપણે નિરાંતથી ઊંઘ ઊંઘતા રહ્યા છીએ. આપણા વ્યવહારથી આપણે આજુબાજુ કેટલી અશાંતિ ફેલાવીએ છીએ, તે આપણે જોતાં જ નથી. પરિણામે, દુનિયામાં બધે જ અરાજકતા ફેલાય છે અને જેનાં મૂળમાં આપણા જેવી જ એકેએક વ્યક્તિની નિષ્ઠુરતા જ જવાબદાર છે. દુનિયાને બદલવાના પ્રયત્નો અને સમગ્ર ક્રાંતિના સિદ્ધાંતો કરતાં દરેક જણ જો થોડા વધુ સારા, વધુ સંવેદનશીલ બને, થોડા ઓછા સ્વાર્થી બને અને અન્યનો થોડો વધુ ખ્યાલ કરનાર બને તો દુનિયાના રૂપરંગ બદલાઇ જાય. અને જો આ પ્રમાણેની સંવાદિતતા સર્જાય તો ગમે તેટલા આકરા તાપમાં પણ છાયાની ઠંડી શીતળતાનો અહેસાસ આપણે સૌ અનુભવી શકીએ જ ! અને ખુદ ઇશ્વર પણ આપણી મદદે આવી પહોંચે જ! કવિશ્રી મણિલાલ પટેલ લખે છે તેમ :

"ખેતરો ખાલી હવે તાકી રહે છે તેતરો જેવું,
નિઃશ્વાસ મેં મૂક્યો અને આ પાંદડાં પીળાં થયાં...
કો'ક ખેતરની વચોવચ હું તરસ થઇને ઊગ્યો,
નીકમાં ખેતરની સ્વરુપે એમનાં પગલાં થયાં."

તો આવો, આપણે સૌ પણ સુખના દિવસોમાં પોતાની આસપાસ સ્વાર્થની દીવાલ ચણવાને બદલે દુઃખના દિવસોમાં વિશાળ હરિયાળા મેદાનોને યાદ કરીએ. જગત આપણને જે કંઇ તડકા-છાયાં આપે આપણે સાંજ પડે આપણી જાતને ઢંઢોળીને પૂછીએ કે તે કોઇને આનંદ અને શાતા આપ્યાં છે કે નહિ ?